# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. હિંમતનગર

## ૭૩મો

## વાર્ષિક અહેવાલ વર્ષ : ૨૦૨૦-૨૦૨૧




સહકારથી સમૃધ્ધિ... વિના સહકાર નહિ ઉધ્ધાર...

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
# હિંમતનગર

## વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓ


શ્રી ભીખાભાઈ કાંહ્યાભાઈ પટેલ
વાઈસ ચેરમેન


શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ
ચેરમેન


શ્રી જગદીશભાઈ શ્યામજીભાઈ પટેલ
માનદ્‌મંત્રી


શ્રી મણીભાઈ આઈ. પટેલ


શ્રી જયંતિભાઈ વી. પટેલ


શ્રી બાબુભાઈ એમ. પટેલ


શ્રી જશુભાઈ જે. પટેલ


શ્રી હસમુખભાઈ ડી. પટેલ


શ્રી બાબુભાઈ એમ. પટેલ


શ્રી બાબુભાઈ જી. પટેલ


શ્રી ધીરૂભાઈ બી. પટેલ


શ્રી કનુભાઈ જી. પટેલ


શ્રી ગોપાળભાઈ એમ. પટેલ


શ્રી દિનેશભાઈ વી. પટેલ


શ્રી બાબુભાઈ એ. પટેલ


શ્રી જયંતિભાઈ એસ.પટેલ


શ્રી સુજિતકુમાર ડી. પટેલ


શ્રી નરેન્દ્રભાઈ ટી.ઉપાધ્યાય


શ્રી કાન્તિભાઈ એમ. પટેલ


શ્રી એ.પી. અસારી
જિલ્લા રજીસ્ટ્રારશ્રી


ડૉ.આર.એસ.પટેલ
મેનેજરશ્રી

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર


## પ્રગતિના સોપાન

| વર્ષ | સભાસદ સંખ્યા | શેરભંડોળ (રૂપિયામાં) | રીઝર્વ ફંડ તથા બીજા ફંડો (રૂપિયામાં) | વેચાણ (રૂપિયામાં) | ચોખ્ખો નફો (રૂપિયામાં) | ડીવીડન્ડ વહેંચણી નો દર (ટકામાં) | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૫૮-૧૯૫૯ | ૬૧૦ | ૬૫,૭૨૦ | ૧,૬૧,૯૦૮ | ૧૭,૩૨,૦૩૧ | નફો ૪૫,૯૬૪ | ૬.૨૫% | અ |
| ૧૯૬૮-૧૯૬૯ | ૩૯૯૭ | ૨,૪૬,૪૮૪ | ૧૩,૦૫,૨૪૪ | ૧,૫૯,૭૭,૯૮૭ | નફો ૨,૩૦,૦૦૦ | ૯.૦૦% | અ |
| ૧૯૭૮-૧૯૭૯ | ૭૦૦૬ | ૭,૬૪,૯૧૦ | ૬૦,૧૩,૨૭૯ | ૧૫,૬૭,૧૩,૮૭૩ | નફો ૪,૨૬,૪૫૪ | ૧૨.૦૦% | અ |
| ૧૯૮૮-૧૯૮૯ | ૭૩૧૪ | ૨૦,૬૨,૨૦૮ | ૨,૦૦,૧૬,૯૧૧ | ૨૧,૨૮,૩૧,૨૪૦ | નફો ૪,૨૭,૬૩૩ | ૧૨.૦૦% | અ |
| ૧૯૯૮-૧૯૯૯ | ૧૭૮૭૮ | ૨૭,૨૯,૦૪૮ | ૩,૩૪,૧૨,૩૨૭ | ૭૭,૦૮,૭૨,૯૫૮ | નફો ૧૦,૪૮,૫૦૦ | ૧૨.૦૦% | અ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૧૭૮૭૩ | ૨૭,૩૧,૫૪૮ | ૩,૫૧,૧૦,૭૯૩ | ૭૭,૮૧,૧૪,૯૪૦ | નફો ૧૧,૧૭,૯૩૧ | ૧૨.૦૦% | અ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૮૧૨૬ | ૪૧,૦૧,૫૫૮ | ૪,૧૨,૦૭,૧૩૦ | ૬૪,૨૫,૫૪,૦૩૬ | નફો ૧૧,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૯૩૭૦ | ૪૯,૯૬,૭૩૮ | ૪,૨૮,૨૫,૧૬૩ | ૧૨૫,૬૮,૩૩,૪૯૮ | નફો ૧૨,૬૧,૫૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૭૧૯૭ | ૪૯,૮૮,૩૨૦ | ૪,૪૮,૭૧,૪૩૪ | ૭૫,૧૮,૮૪,૮૨૧ | નફો ૧૩,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૭૧૯૨ | ૪૯,૮૭,૯૭૦ | ૪,૬૭,૩૪,૩૦૧ | ૯૬,૨૯,૫૩,૫૩૭ | નફો ૧૫,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૭૧૭૫ | ૪૯,૮૭,૦૭૦ | ૫,૧૨,૯૦,૧૬૨ | ૧૩૮,૫૨,૭૯,૫૮૩ | નફો ૨૯,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૬૭૯૬ | ૪૯,૮૫,૯૭૦ | ૫,૬૨,૭૨,૦૩૧ | ૧૫૭,૭૭,૯૫,૯૭૮ | નફો ૬૧,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૭૧૫૫ | ૪૮,૮૫,૬૭૦ | ૬,૧૯,૧૫,૨૯૩ | ૧,૮૫,૩૨,૦૯,૮૯૫ | નફો ૩૬,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૭૨૭૫ | ૫૬,૪૮,૪૬૦ | ૬,૬૩,૧૨,૯૪૫ | ૧,૬૭,૬૮,૨૯,૭૮૪ | નફો ૧૮,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૨૧૬૨૧ | ૭૮,૮૩,૨૩૦ | ૭,૦૭,૪૧,૯૪૨ | ૧,૫૬,૮૩,૯૩,૬૮૧ | નફો ૮૦,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૨૨૬૯૭ | ૮૫,૨૦,૨૫૦ | ૮,૧૬,૬૮,૪૪૨ | ૨,૯૦,૯૦,૦૮,૭૫૪ | નફો ૮૦,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૭-૨૦૧૮ | ૨૨૭૮૦ | ૮૬,૫૬,૬૫૦ | ૯,૬૫,૮૨,૯૭૬ | ૨,૯૭,૧૦,૭૮,૧૭૬ | નફો ૨,૫૧,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૮-૨૦૧૯ | ૨૨૭૬૮ | ૮૬,૮૮,૨૮૦ | ૧૨,૧૮,૭૪,૩૩૮ | ૧,૨૪,૩૮,૨૯,૨૪૦ | નફો ૪૫,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૯-૨૦૨૦ | ૨૨૭૦૫ | ૮૪,૨૬,૯૩૦ | ૧૨,૫૫,૮૪,૭૪૩ | ૭૦,૫૯,૩૧,૨૦૨ | નફો ૨૧,૫૫,૦૦૦ | ૧૫.૦૦% | ઓડીટ બાકી |
| ૨૦૨૦-૨૦૨૧ | ૨૨૬૮૬ | ૮૪,૨૧,૨૮૦ | ૧૨,૯૩,૦૮,૯૮૮ | ૭૬,૪૩,૮૨,૭૨૨ | નફો ૨૨,૫૧,૦૦૦ | ૧૨.૦૦%* | ઓડીટ બાકી |

(શેર ડીવીડન્ડ વાર્ષિક સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ)



મહાવીરનગર, હિંમતનગર, જિ. સાબરકાંઠા.




ગાંભોઈ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.



ભિલોડા, જિ. અરવલ્લી



ધોલવાણી, તા.ભિલોડા, જિ. અરવલ્લી


માલપુર, જિ. અરવલ્લી



ધનસુરા, જિ. અરવલ્લી

# સંઘની શાખાઓના ટેલીફોન નંબર

| મહાવીરનગર | ગાંભોઈ | ધનસુરા | ભિલોડા | માલપુર |
|---|---|---|---|---|
| (૦૨૭૭૨) ૨૪૩૨૧૨<br>૯૪૨૮૧૩૫૪૦૪ | (૦૨૭૭૨) ૨૫૦૩૨૧<br>૯૮૯૮૩૧૦૫૯૧ | (૦૨૭૭૪) ૨૨૨૦૩૮/૨૨૨૧૩૧<br>૯૮૭૯૫૯૦૭૫૦ | ૯૯૭૯૨૭૬૧૯૮ | (૦૨૭૭૩) ૨૨૩૭૨૩<br>૯૪૨૬૫૩૫૭૮૪ |
| **મેઘરજ** | **વડાલી** | **સલાલ** | **તલોદ** | **ધોલવાણી** |
| ૯૪૨૬૫૨૨૯૭૭ | ૯૪૨૭૭૩૧૭૨૧ | ૬૩૫૨૬૩૨૦૧૫ | ૯૪૦૮૦૧૭૧૧૦ | ૯૪૨૯૩૭૨૨૪૫ |

ચેરમેન : મો.૯૮૨૫૦૫૦૩૫૦
મેનેજર : ઓ.૨૪૦૧૯૫ મો. ૯૯૨૫૨૪૪૪૬૯
આસી. મેનેજર (જનતા): મો.૯૪૨૭૦૩૭૩૦૩
આસી. મેનેજર (એકા.): મો.૮૮૪૯૬૦૧૮૧૮

★ sabarsangh.1949@yahoo.com★ http://sabarsangh.org

:: પ્રકાશક ::
ડૉ.આર.એસ.પટેલ
મેનેજર
**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. હિંમતનગર, જિ.સા.કાં.**
ઓફિસ : (૦૨૭૭૨) ૨૪૧૪૭૦,૨૪૨૨૭૧

Bhagwati@HMT.241514

ફક્ત સભાસદો માટે જ

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

# ૭૩મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગરના સહકારી મંડળી સભાસદો તથા 'અ' વર્ગના વ્યક્તિ સભાસદોના ડેલીગેટોને જાણ કરવામાં આવે છે કે આપણા સંઘની ૭૩ મા વર્ષની વાર્ષિક સાધારણ સભા **તા.૨૮-૦૭-૨૦૨૧**ને બુધવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે નીચે મુજબના કામો કરવા માટે મળશે.તો તે સમયે અધિકૃત પ્રતિનિધિશ્રીએ તેઓએ આપેલ **વોટ્સઅપ મોબાઈલ** નંબર દ્વારા ઓનલાઈન થઈ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

૧) ગત તા. ૦૫-૧૦-૨૦૨૦ નારોજ મળેલ ડિઝીટલ માધ્યમથી મળેલ વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ રજુ કરી મંજુર કરવા.

૨) સને ૨૦૨૦-૨૧ના હિસાબી વર્ષના કામકાજનો અહેવાલ તથા હિસાબો, વેપાર પત્રક, નફાતોટા પત્રક અને સરવૈયાને સંઘની મેનેજીંગ કમિટિએ સાધારણ સભાની મંજુરી માટે ભલામણ કરેલ છે તેને મંજુર કરવા.

૩) સંઘના પેટા નિયમો અનુસાર સને ૨૦૨૦-૨૧ના વર્ષના ચોખ્ખા નફાની કરેલ વહેચણી સંઘનીમેનેજીંગ કમિટિએ સાધારણ સભાની મંજુરી માટે ભલામણ કરી છે તેને મંજુર કરવા.

૪) પ્રમુખશ્રીની પરવાનગીથી સંઘના હિતમાં યોગ્ય રીતે રજુ કરવામાં આવે તેવા બીજા કામો ઉપર વિચારણા કરવા.

**સ્થળ : હિંમતનગર**
**તારીખ : ૧૦-૦૭-૨૦૨૧**

**સંચાલક મંડળ વતી,**
**શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ**
**ચેરમેનશ્રી**
**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.**
**હિંમતનગર**

**નોંધ :-**

૧. સાધારણ સભા નોનકોરમ થશે તો સંઘના પેટાનિયમ ૨૭ (અ) મુજબ તે સભા તેજ દિવસે અડધા કલાક બાદ ફરી મળશે. અને જે તે એજન્ડા મુજબનું કામકાજ કરશે.

૨. આ અહેવાલ અને હિસાબો આપને મળ્યા પછી તેને લગતી કોઇ વધારાની માહિતીની જરૂર હોય તો તા.૨૩-૦૭-૨૦૨૧ પહેલા સંઘની હેડ ઓફિસે લેખીત આપવા વિનંતી છે.

૩. સંઘના અ વર્ગના મંડળી સભાસદોએ ધારણ કરેલ શેર ઉપર જાહેર કરેલ ડિવીડન્ડની રકમ જે તે મંડળીના બેંક ખાતામાં જમા આપવામાં આવશે. તથા વ્યક્તિ સભાસદોએ સંઘની હેડ ઓફિસેથી ડિવીડન્ડની રકમ મેળવી લેવી નહિતર સંઘના પેટા કાયદા નં.૪૩ મુજબ ત્રણ વર્ષની અંદર તે રકમની માંગણી નહિ કરવામાં આવે તો તે રિઝર્વ ફંડ ખાતે જમા કરવામાં આવશે.

**વિશેષ નોંધ :-**

૧. અધિકૃત પ્રતિનિધિએ અત્રે મોકલી આપેલ વોટ્સઅપ મોબાઈલ નંબર ઉપર સાધારણ સભાની તારીખના બે દિવસ અગાઉ લીંક મોકલવામાં આવશે. જેના દ્વારા ઓનલાઈન જોડાઈ શકાશે.

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

## હિંમતનગર

**સ્થાપના તા. ૨૪-૨-૧૯૪૯** **રજીસ્ટ્રેશન નંબર : ૧૨૫૮૯**

## વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીનું નામ | પ્રતિનિધિત્વ | હોદ્દો | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જેઠાભાઇ પ્રભુદાસ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | ચેરમેન | જામળા,તા.હિંમતનગર |
| ૨ | શ્રી ભીખાભાઇ કાંહ્યાભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વા.ચેરમેન | મોહનપુર, તા. ભિલોડા |
| ૩ | શ્રી જગદીશભાઇ શામજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | માનદ્ મંત્રી | કોટેશ્વર ફાર્મ, વડાગામ તા.ધનસુરા |
| ૪ | શ્રી મણીભાઇ ઇશ્વરભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | અંબાવાડા, તા. પ્રાંતિજ |
| ૫ | શ્રી જ્યંતિભાઇ વિરચંદભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ધામડી,તા. વડાલી |
| ૬ | શ્રી હસમુખભાઇ દયાળજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | મેઢાસણ,તા. મોડાસા |
| ૭ | શ્રી બાબુભાઇ મૂળજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | નવા,તા.હિંમતનગર |
| ૮ | શ્રી જશુભાઇ જગુભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | રૂદ્રમાળા,તા. ખેડબ્રહ્મા |
| ૯ | શ્રી બાબુભાઇ મથુરભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ચોઇલા, તા. બાયડ |
| ૧૦ | શ્રી બાબુભાઇ ગોપાળભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | તલોદગામ, તા. તલોદ |
| ૧૧ | શ્રી ધીરૂભાઇ બહેચરભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | મેસણ, તા. ઇડર |
| ૧૨ | શ્રી ગોપાળભાઇ મોહનભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ઉભરાણ, તા. માલપુર |
| ૧૩ | શ્રી કનુભાઇ ગોપાળભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | દાવડ, તા.ઇડર |
| ૧૪ | શ્રી દિનેશભાઇ વરવાભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વદરાડ, તા. પ્રાંતિજ |
| ૧૫ | શ્રી બાબુભાઇ અમીચંદભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વામોજ,તા.હિંમતનગર |
| ૧૬ | શ્રી જ્યંતિભાઇ શીવાભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | હડિયોલ,તા.હિંમતનગર |
| ૧૭ | શ્રી સુજીતકુમાર દશરથલાલ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | સુરજપુરા,તા.હિંમતનગર |
| ૧૮ | શ્રી નરેન્દ્રભાઇ ત્રિભોવનદાસ ઉપાધ્યાય | સા.કાં. બેન્ક પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | મેઘરજ, તા. મેઘરજ |
| ૧૯ | શ્રી કાન્તિભાઇ મંછાભાઇ પટેલ | કો. ઓપ્ટ. સભ્યશ્રી | વ્ય.ક.સભ્ય | માલપુર, તા. વડાલી |
| ૨૦ | શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહ. મંડળીઓ | સહકારી ખાતાના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | હિંમતનગર |

## :: બેન્કર્સ ::

**ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ,**
**હિંમતનગર**

**ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ.**
**અમદાવાદ**

**સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા**
**હિંમતનગર**

**એકસીસ બેંક લિં.**
**હિંમતનગર**

**એચ.ડી.એફ.સી. બેંક**
**હિંમતનગર**

**ડૉ.આર.એસ.પટેલ**
**મેનેજર**
**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**

# સુપર માર્કેટ











# કાપડ વિભાગ



શુટીંગ-શર્ટીંગ



ગાદલા-ઓશીકા-રજાઈ

રેડીમેડ વસ્ત્રો
સ્વેટર
શાલ
ધાબળા
ગાલીચા
રેઈનકોટ
છત્રી

હોઝીયરી



ચાદર
ચોરસા
ટુવાલ
અન્ડરવેર
મોજા
ધોતી
માદરપાટ

મજબુત અને ટકાઉ સિલપોલિન, ઉમિયા અને સુપ્રીમ કંપનીની

**તાડપત્રી તથા ગ્રીન નેટ**




બારે માસ મળશે.

સૌથી મજબુત ISI માર્કાવાળી
વજનમાં હળવી
૧૦૦% વોટરપ્રુફ
સાબર સંઘના કાપડ વિભાગમાં ઉપલબ્ધ











સાબર સંઘ ચા
આસામના ગાર્ડનની ઉત્તમ
ક્વોલીટીની તાજી ચા,
બીજી અન્ય ચાની
સરખામણીમાં વ્યાજબી ભાવ
ભેળસેળ રહિત શુધ્ધ
૨૫૦ ગ્રામ
૫૦૦ ગ્રામ
૧ કિ. ગ્રામના
આકર્ષક પેકીંગમાં ઉપલબ્ધ
જય જવાન....
જય કિસાન....
साबर संघ
चाय
FRESH TEA

# દવા, બિયારણ વિભાગ




# હોલસેલ દવા - બિયારણ - ખાતર વિભાગ



# કિસાન મોલ





# ફૂટવેર શો રૂમ





# ઈલેક્ટ્રીક વિભાગ


















**ટેબલફેન, સીલીંગફેન, પેડેસ્ટલ, તથા એકઝોસ્ટ ફેન,**

**ગીઝર, ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ પંપ**

**ટ્યુબલાઈટ, બલ્બ, ટોર્ચ, સોલર ટોર્ચ, CFL, ઈલેક્ટ્રીક ફીટીંગ સામાન,**

**સ્વીચ, વાયર, વલોણાયંત્ર, ઈસ્ત્રી**



:: ફક્ત સભાસદો માટે જ ::

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## ૭૩ મી વાર્ષિક સાધારણ સભા

## ચેરમેનશ્રીનું નિવેદન...



વ્હાલા સહકારી સભાસદ બંધુઓ,

આપણા સંઘની ૭૩ મી વાર્ષિક સાધારણ સભામાં ડીઝીટલ માધ્યમથી ઉપસ્થિત “અ” વર્ગના સહકારી મંડળી સભાસદો તથા વ્યક્તિ સભાદોના પ્રતિનિધિશ્રીઓનું હું હાર્દિક સ્વાગત કરું છું.

આપણે સૌ જાણીએ છીએ તેમ અહેવાલના વર્ષ દરમ્યાન કોરોનાની મહામારીમાં આપણા કેટલાયે સભાસદોએ પોતાના આત્મીય સ્વજનો ગુમાવ્યા છે. આ વર્ષ દરમ્યાન આપણા સંઘના ભૂ.પૂ. ડીરેક્ટરશ્રીઓ શ્રી જયચંદભાઈ કે. પટેલ(કાવા),શ્રી કાન્તિભાઈ જે.પટેલ (વામોજ),શ્રી નાથાભાઈ કેવળભાઈ પટેલ (સુરપુર),શ્રી અરવિંદભાઈ જેસીંગભાઈ પટેલ (ધનસુરા) તેમજ ભૂતપૂર્વ મેનેજર શ્રી કુસુમકાન્ત પી.પટેલ તથા તેમના યુવાન પુત્ર (સી.એ.) શ્રી પ્રકાશભાઈની પણ વસમી વિદાયનો દુઃખદ આંચકો આપણે અનુભવ્યો છે આવા અનેક જીવાત્માઓ કે જેમણે આ મહામારીમાં જીવ ગુમાવ્યો છે તેવાઓને તથા કોરોના મહામારીમાં સેવારત રહેલા ડૉક્ટરો, નર્સો તેમજ અન્ય કોરોના વોરિયર્સ જેઓએ સારવાર અને બચાવની રક્ષણાત્મક કામગીરી દરમિયાન પ્રાણની આહૂતિ આપી છે તેવા સૌને આજરોજ આપણે શ્રદ્ધા-સુમન અર્પણ કરીએ છીએ. અહેવાલના વર્ષ દરમિયાન કોરોના મહામારી અને લોકડાઉનને કારણે આપણા વ્યવસાયમાં પણ વિપરીત અસર થવા છતાં નિયામક મંડળના સાથી મિત્રો તથા આપ સૌ સહકારી આગેવાનોના સાથ-સહકારથી તેમજ કર્મચારીઓની વફાદારી અને નિષ્ઠાપૂર્વકની કામગીરીથી આપણે સંઘની વિકાસકૂચ ચાલુ રાખેલ છે. જે ખૂબ જ આનંદની વાત છે. તે માટે સૌને હું ધન્યવાદ પાઠવું છું.

આ સંસ્થાનો સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનો ૭૩ મો વાર્ષિક અહેવાલ અને હિસાબો સંઘના સંચાલક મંડળ વતી આપ સૌની સમક્ષ રજુ કરું છું. જે આપ સૌને મોકલી આપવામાં આવેલ છે.

### ૧. સભાસદ સંખ્યા અને શેર ભંડોળ :-

| સભાસદ | સભાસદ સંખ્યા | | શેર ભંડોળ (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | ૩૧-૩-૨૦૨૧ | ૩૧-૩-૨૦૨૦ | ૩૧-૩-૨૦૨૧ | ૩૧-૩-૨૦૨૦ |
| “અ” વર્ગઃ- | | | | |
| સહકારી મંડળીઓ | ૪૮૧ | ૪૮૧ | ૩૩,૦૯,૮૯૦-૦૦ | ૩૧,૦૯,૮૯૦-૦૦ |
| વ્યક્તિઓ | ૨૨,૨૦૫ | ૨૨,૨૨૪ | ૫૩,૧૧,૩૯૦-૦૦ | ૫૩,૧૭,૦૪૦-૦૦ |
| કુલઃ- | ૨૨,૬૮૬ | ૨૨,૭૦૫ | ૮૪,૨૧,૨૮૦-૦૦ | ૮૪,૨૬,૯૩૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨. રીઝર્વ અને અન્ય ફંડો :- | તા. ૩૧-૩-૨૦૨૧ | તા.૩૧-૩-૨૦૨૦ |
| | રૂા. ૧૨,૯૩,૦૮,૯૮૮-૩૯ | રૂા. ૧૨,૫૫,૮૪,૭૪૩-૮૨ |
| ૩. બાંધી મુદત તથા ચાલુ થાપણો :- | તા.૩૧-૩-૨૦૨૧ | તા. ૩૧-૩-૨૦૨૦ |
| | રૂા. ૧,૯૭,૯૦,૯૦૦-૦૦ | રૂા.૨,૦૭,૮૩,૩૯૦-૦૦ |

સંસ્થાની હેડઓફિસ તથા શાખાઓ સહિત કુલ વેચાણ **રૂા.૭૬,૪૩,૮૨,૭૨૨-૦૩** વેપારી નફો **રૂા. ૩,૧૫,૪૯,૮૨૪-૬૨** અને ચોખ્ખો નફો **રૂા. ૨૨,૫૧,૦૦૦-૦૦** નો થયેલ છે. ચાલુ વર્ષે સંઘની વ્યવસ્થાપક કમીટીએ સંઘના પેટા નિયમ અનુસાર ચોખ્ખા નફાની ફાળવણી કરેલ છે તથા સભાસદોને **૧૨%** મુજબ ડિવિડન્ડ આપવા માટે ભલામણ કરેલ છે જે આપ તેને મંજુર કરશો તેવી આશા રાખું છું.

## :: વેપારી પ્રવૃત્તિઓ ::

### હેડઓફિસ હિંમતનગર :-

### (૧) ઈલેક્ટ્રીક વિભાગ :-

આ સંઘના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા ક્રોમ્પટન, બજાજ જેવી પ્રખ્યાત કંપનીઓના સીલીંગ તથા ટેબલ ફેન, ટ્યુબ લાઈટ, લેમ્પ, લાઈટીંગનો તમામ સામાન, સિંચાઈ તથા પાણી ચઢાવવા તથા ફ્લોર ફેક્ટરી માટેની મોટરો તથા મીક્ષર, ઈસ્ત્રી, પંચાયત ફીક્ચર્સ, ઈલેક્ટ્રીક તથા ગેસ ગીઝર, અવધૂત વલોણા યંત્ર, અનાજ ઉપણવાના પંખા, એન્કર તથા વલ્કન કંપનીની લાઈટફીટીંગને લગતી તમામ એસેસરીઝ, ફર્નીચર, સાયરન, ફ્યુઝ ચેઈન્જ ઓવર સ્વીચ, હેન્ડ બ્લેડર, એલ.ઈ.ડી. સોલર ટોર્ચ, પાવર સેવર રીચાર્જેબલ ઈન્વેટર લેમ્પ, ઈલેક્ટ્રીક સગડી, વિગેરેનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં **રૂા. ૧,૩૨,૧૫,૧૩૯-૩૦** નું વેચાણ થયેલ છે.

### (૨) કાપડ વિભાગ :

હેડ ઓફિસના મુખ્ય શો-રૂમમાં ચાલતા કાપડ વિભાગમાં સિયારામ તથા અન્ય મીલોના દરેક જાતનાં શુટીંગ,શર્ટીંગ, ટી-શર્ટ, ધોતી, પ્રીન્ટેડ છીંટ, માદર પાટ, વોશેબલ ગાદલાં, રજાઈ, ઓશીકા, ગાદી, તકીયા, ચાદરો, ગાલીચા, શેતરંજી, સોલાપુર ચોરસા, જ્યપુરી રજાઈ,પગલૂછણીયા, હોજીયરી, સોફાદડી, પડદાનું કાપડ, ટેપેસ્ટી, આસન, મોદપાટ (જાજમ), ગરમ શાલ, ધાબળા,સ્વેટર, મફલર-ટોપી, મોજા, તાડપત્રી, છત્રીઓ, રેઈનકોટ, મચ્છરદાની વિગેરેનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે.

તાજેતરમાં આપણે મેટ્રેસ / ફોમ ગાદલાં બનાવતી **સેન્ચ્યુરી કંપનીની ડીસ્ટ્રીબ્યુટર શીપ** લીધેલ છે. જેનો વેપારનો શુભારંભ થયેલ છે. જેથી આપની જરૂરીયાત માટે આપના કાપડ વિભાગની મુલાકાત લેવા હું અનુરોધ કરું છું. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા.**૫૭,૧૭,૫૨૫-૨૬/-** નું વેચાણ થયેલ છે.

### (૩) સુપર માર્કેટ :

વિકસતા વેપાર ધંધાને તથા ગ્રાહકોની વધતી જતી માંગ અને સગવડતા માટે ગ્રાહક પોતાની રૂચિ મુજબ જરૂરી ચીજવસ્તુઓ ખરીદી શકે તે માટે આ વિભાગમાં પ્રોવિઝન આઈટમ તથા કરીયાણાની ચીજ વસ્તુઓ જેવી કે, દાળો, ખાદ્યતેલ, ખાંડ, ગોળ, મમરા, પાપડ, ખાખરા, બેસન, મેંદો તેમજ સુકોમેવો ખજુર, ગરમ મસાલા, ચા, ટુથપેસ્ટ, બ્રશ ન્હાવા-ધોવાના સાબુ, પાવડર, ટેલ્કમ, પાવડર, બિસ્કીટ, ચોકલેટ, હેરઓઈલ, અગરબત્તી, જીપ-એવરેડી હાથબત્તી, પાવર તેમજ આ વિભાગમાં રાજ્ય સરકારના વન વિકાસ નિગમ દ્વારા નિર્મિત શુદ્ધ સાત્વિક મધ અને ધન્વંતરી આયુર્વેદ ઔષધીઓ તથા ગૌણ વનપેદાશોનું વેચાણ કરાવામાં આવે છે.

આ વિભાગની સાથે અમુલ પ્રોડક્ટસની તમામ ચીજો જેવી કે, આઈસ્ક્રીમ, શ્રીખંડ, દહી, ચીઝ, પનીર, ચોકલેટ વગેરેનું વેચાણ કરવામાં આવે છે. તેમજ દિવાળી સિઝનમાં સારી જાતની મીઠાઈ, ફરસાણનું પણ વેચાણ કરવામાં આવે છે. તેમજ આ વિભાગમાં ગૃહઉપયોગી પ્લાસ્ટીક ગુડઝ જેવી કે, ડોલ, ડસ્ટબીન, ટબ, ખુરશી-ટેબલ વગેરે આઈટમોનું વેચાણ કરવામાં આવે છે. ધીમે ધીમે આપણા સંઘના સુપર માર્કેટમાંથી ખરીદી માટેની લોક ચાહના વધતી જાય છે. જે આપણા વ્યવસાય વિકાસ માટે સારી વાત છે.જેનો મને આનંદ છે. આપ સૌને આ વિભાગની મુલાકાત લેવા વિનંતી કરું છું.

તદ્ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની વિવિધ સ્વરોજગારી માટેના સાધનોના કીટ્સના નોડલ તરીકે વિતરણની કામગીરી કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા હોસ્પિટલો તેમજ શાળાઓ માટે સેનીટાઈઝર, માસ્ક તેમજ સેનેટરી સાધનો તેમજ મધ્યાહ્ન ભોજનના વાસણોની કીટ્સ વગેરેનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૪૬,૦૯,૫૯૯-૪૪** નું વેચાણ થયેલ છે.

### (૪) બિયારણ- પાકરક્ષક દવા વિભાગ :

આ વિભાગમાં ખેડૂતો ને સારી ગુણવત્તાનાં વ્યાજબી ભાવે હાઈબ્રીડ બિયારણો જેવા કે ગુજરાત બીજ નિગમ, ગુજકોમાસોલ, કૃભકો જેવી કંપનીઓના સર્ટીફાઈડ તમામ પ્રકારના હાઈબ્રીડ બીયારણો જેવા કે કપાસ, દિવેલા, ઘઉ, મકાઈ, મગફળી(સીંગદાણા), બાજરી, ડાંગર, જીરૂ, વરીયાળી, તુવર, મગ, અડદ, રજકો, ચીકોળી, સરકાર માન્ય બી.ટી. કપાસ, દિવેલા રિચર્સ તમામ બીયારણો વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. તેમજ ઈફકો કંપની ની સારી ગુણવત્તા ધરાવતી તમામ પ્રકારની પાકરક્ષક દવાઓનું વ્યાજબી